જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૧/૨૦૧૮ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૧/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૧૬૫ લીટર, ૦૬ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૦૧ એક્ટીવા કબજે કરી હતી.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૨/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડ ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૩/૧૮**

**ઇસનપુર :** વિજયપ્રકાશ શ્રીનાથ શુક્લા (ઉ.વ.૪૦)(રહે,સમૃધ્ધી રેસીડેન્સી નારોલ) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૧/૧૮ રાતના ૯/૦૦ થી તા.૧૬/૧/૧૮ ના કલાક ૮/૧૫ વાગ્યા દરમ્યાન ઇસનપુર બ્રીજના છેડા ઉપર આવેલ પોતાની મનોજ ઇલેક્ટ્રોનિક નામની દુકાનના શટર નું લોક તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રેવેશ કરી, ઇલેક્ટ્રીક સામાન તથા રોકડા રૂપિયા ૩૬,૮૦૦/- મળી કુલ રૂપિયા ૮૩,૮૧૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી વાય.જી.માથુકિયા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૪/૧૮**

**રામોલ :** મહેશભાઈ વીરાભાઈ પટેલ (ઉ.વ.૪૨)(રહે,ગણેશ હોમ્સ શીવશાંતી સોસાયટીની બાજુમાં વસ્ત્રાલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૧/૧૮ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે વસ્ત્રાલ રીલાયન્સ પેટ્રોલ પંપની બાજુમાં, ગજાનંદ ૧૮૯ આગળ રોડ ઉપર પાર્ક કરેલ પોતાની આઈવા ટાટા ગાડી નંબર જીજે.૧૮.એ.ટી.૯૬૮૭ કિંમત રૂપિયા ૯,૦૦,૦૦૦/- પાર્ક કરી મુકી હતી. જેની ચોરી તા.૧૪/૦૧/૧૮ નાં કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.લાઠીયા ચલાવે છે.

**મણીનગર :** સૌરભ બજરંગલાલ શ્યામસુખા (રહે,વલ્લભ એપાર્ટમેન્ટ, ન્યુ નવરતન કોમ્પલેક્ષ, ઉદેપુર, રાજસ્થાન) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૧/૧૮ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે મણીનગર શુભ મંગલય ફ્લેટના અંદરના ભાગે પાર્કીંગમાં પાર્ક કરેલ પોતાની હ્યુન્ડાઇ ગ્રાન્ડ આઇ ૧૦ કાર નંબર આર.જે.૨૭.સી.ઇ.૯૯૬૧ કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- પાર્ક કરી મુકી હતી. જેની ચોરી તા.૧૬/૦૧/૧૮ નાં કલાક ૪/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.યુ.ચૌહાણ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ:-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૫/૧૮</u>**

**રીવરફ્રન્ટ ઇસ્ટ :** અશ્વિનભાઇ લાલજીભાઇ તપોધન (ઉ.વ.૩૫)(રહે,ચામુંડાનગર આંબેડકર બ્રીજની બાજુમાં ખોડીયારનગર બહેરામપુરા) એ રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૧/૧૮ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે રીવરફ્રન્ટ રોડ દધિચીબ્રીજ થી આગળ રોડ ઉપર પોતાના જ્યુપીટર સ્કુટર ઉપર પત્નીને પાછળ બેસાડી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન અચાનક પતંગની દોરી આવી જતા, સ્કુટરને અચાનક બ્રેક મારતા, તેઓની પત્ની સ્કુટર પરથી નીચે પડી ગયેલ. દરમ્યાન એક ફોર વ્હીલર ગાડી નંબર જીજે.૦૨.એક્સ.એક્સ.૯૦૯૦ ના ચાલકે પોતાના ગાડી પુરઝડપે અને બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી લઇ, અશ્વીનભાઇની પત્નીના માથાના ભાગે તેમજ ડાબા કાન ઉપર ઇજાઓ કરતાં, તેમનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.આર.ભરવાડ ચલાવે છે.

**સરખેજ :** તા.૧૫/૦૧/૧૮ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે જુહાપુરા થી સરખેજ આવતા રોડ ઉપર સાવન પાર્ટી પ્લોટ સામે દિનેશભાઈ રોડ ક્રોસ કરતા હતા દરમ્યાન અજાણ્યા વાહન ચાલકે દિનેશભાઇને ટક્કર મારતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૧/૧૮ બપોરનાં ૨/૩૦ વાગે દિનેશભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ સરખેજ પોલીસે ગુનો નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.જે.પાઠક ચલાવે છે.

**<u>દાઝી જતાં બાળકનું મૃત્યુ:-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૬/૧૮</u>**

**વેજલપુર :** મોહંમદઝેદ સ/ઓ મોહંમદએઝાઝ નૂરમોહંમદ કુરૈશી (ઉ.વ.૦૨) (રહે, મક્કાનગર ગાલીબપાર્ક વેજલપુર) તા.૦૪/૧/૧૮ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે રમતા-રમતા બાથરૂમ માં રાખેલ ગરમ પાણીની ડોલ માં પડી જતા, શરીરે ગંભીર રીતે દાઝી જતાં, સારવાર અર્થે તેને વા.સા.હોસ્પિટલ માં દાખલ કર્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૦૧/૧૮ ના કલાક ૧૨/૩૦ વાગે તેનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેશકુમાર સ્વરુપસિંહ ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> <u>**સમાચાર યાદી નં.૧૧૭/૧૮**</u>

**વેજલપુર :** બિન્દીયા ડો/ઓ કિશોરભાઇ ગુંદીગરા (ઉ.વ.૩૦)(રહે,શાન્તીનાથ ફલેટ, વેજલપુર બસ સ્ટેન્ડ સામે, વેજલપુર) એ પોતાના છુટાછેડા થઇ જતા, તણાવમાં રહેતા હોઇ, જીદંગીથી કંટાળી જઇ પોતાના પિતાના ઘરે તા.૧૬/૦૧/૧૮ રાતના ૮/૩૦ થી ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન સીલીંગ ફેન સાથે સૂતરની દોરી બાંધીગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રભાતસિંહ જવાનસિંહ ચલાવે છે.

**ગોમતીપુર :** અનિલ કરશનભાઇ ચાવડા (ઉ.વ.૨૪)(રહે,શેઠ કોઠાવાળાની ચાલી ડી-૩૦ દવાખાના સામે ગોમતીપુર) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૫/૦૧/૧૮ રાતના ૧૦/૧૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રભાઇ શકરાજી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.